# ધુરંધર- ધ રિવેન્જ: દેશભક્તિના ઉન્માદ સાથે અત્યાર સુધીની સૌથી મોટી એક્શન થ્રિલર




વર્ષ 2025માં આવેલી હિટ ફિલ્મ 'ધુરંધર' આ સિક્વલ પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓના ખાતમાની પટકથા છે. વાર્તા ભારતીય અંડરકવર એજન્ટ જસકીરત સિંહ ઉર્ફે હમઝા અલી મઝારીની છે, જે પાકિસ્તાનમાં રહીને ભારતના દુશ્મનોનો સફાયો કરે છે. પ્રથમ ભાગમાં રહેમાન ડકેતનો અંત આવ્યા બાદ, હવે હમઝા આઈબીના સપોર્ટ સાથે ભારતમાં તબાહી મચાવતા આતંકવાદીઓના આકાઓને ખતમ કરવાના મિશન પર છે.

આદિત્ય ધરનું નિર્દેશન અને પટકથા અત્યંત બુદ્ધિશાળી છે. લગભગ ચાર કલાકની આ લાંબી ફિલ્મની શરૂઆતની એક કલાક થોડી ગૂંચવણભરી લાગે છે, પરંતુ પટકથાની ઝડપ એટલી તેજ છે કે પ્રેક્ષકોને વિચારવાનો સમય મળતો નથી. લેખકોએ હોંશિયારીપૂર્વક મોદી સરકારના નોટબંધી જેવા મહત્વના નિર્ણયોને વાર્તામાં વણી લીધા છે, જે થિયેટરમાં તાળીઓ અને સીટીઓ ગજવે છે. જોકે, પ્રથમ ભાગની સરખામણીએ આ વખતે કોમેડી અને હળવી ક્ષણો ઓછી છે, જે ગંભીર ડ્રામા વચ્ચે થોડી ખલેલ પહોંચાડે છે.

અભિનયની વાત કરીએ તો રણવીર સિંહે તેના કરિયરનું સર્વશ્રેષ્ઠ પરફોર્મન્સ આપ્યું છે. હમઝાના પાત્રમાં તે એટલો ડૂબી ગયો છે કે તેને જોવો એક લ્હાવો છે. અર્જુન રામપાલ મેજર ઈકબાલ તરીકે ચોંકાવી દે છે, ખાસ કરીને તેના પિતાની હત્યાવાળો સીન લાજવાબ છે. આર. માધવન આઈબી ચીફ તરીકે પોતાની ગરિમાપૂર્ણ હાજરી નોંધાવે છે, જ્યારે સંજય દત્ત અસરકારક છે.

ફિલ્મનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક અને સિનેમેટોગ્રાફી ક્લાસ વન છે. એક્શન સીન્સમાં હિંસા વધુ છે, પરંતુ વાર્તાની માગ મુજબ તે જરૂરી લાગે છે. અંતિમ અડધો કલાક એટલે કે ક્લાઈમેક્સ તમને સીટ સાથે જકડી રાખશે. રાષ્ટ્રીય સુરક્ષા અને દેશભક્તિના રંગે રંગાયેલી આ ફિલ્મ તાજેતરના સમયની શ્રેષ્ઠ એક્શન થ્રિલર પૈકીની એક છે. રાજકીય ડ્રામા અને એક્શન ફિલ્મોના ચાહકો માટે આ એક 'મસ્ટ વોચ' ફિલ્મ છે.

**મૂવી રિવ્યુ**

**અમર સોલંકી દ્વારા**

ફિલ્મ: ધુરંધર: ધ રિવેન્જ (એ)

રેટીંગ: ★★★☆☆

એક લાઈનનો પ્રતિભાવ: જબરદસ્ત એક્શન, રણવીર અને અન્ય અભિનેતાઓના અભિનય અને અદ્ભુત સિનેમાટોગ્રાફી માટે આ ફિલ્મ સિનેમાહોલ પર જઈને જ જોવી

**અભિનેતા:** રણવીર સિંહ, સંજય દત્ત, અર્જુન રામપાલ, સારા અર્જુન, રાકેશ બેદી, આર માધવન, દાનિશ પંડોર **નિર્માતા:** જિયો સ્ટુડિયો, બી62 સ્ટુડિયો **નિર્દેશક:** આદિત્ય ધર







# દેશભરમાં ઈદની રોનક

**પશ્ચિમ** એશિયામાં યુદ્ધના અંત માટે ઠેર-ઠેર શાંતિ પ્રદર્શનો

નવી દિલ્હી, તા. ૨૧ (PTI): શનિવારે ભારતભરમાં ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી કરવામાં આવી હતી. મસ્જિદો અને ઈદગાહોમાં વિશાળ જનમેદની વચ્ચે શાંતિ, પ્રગતિ અને ભાઈચારા માટે વિશેષ પ્રાર્થનાઓ કરવામાં આવી હતી. ત્યાર બાદ દેશના કેટલાક ભાગોમાં ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલના હુમલાઓની નિંદા કરતા અને પશ્ચિમ એશિયામાં યુદ્ધનો તાત્કાલિક અંત લાવવાની માંગ સાથે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનો યોજાયાં હતાં.

જૂની દિલ્હીની વ્યસ્ત ગલીઓથી લઈને જમ્મુ-કાશ્મીરની ઈદગાહો અને કોલકાતાની ધમધમતી નાખોડા મસ્જિદ સુધી લાખો શ્રદ્ધાળુઓએ તેમના શ્રેષ્ઠ પોશાક પહેરીને એકબીજાને ગળે લગાડ્યા અને રમઝાનના પવિત્ર મહિનાના અંતના પ્રતીક સમાન આ તહેવારની ઉજવણી કરવા માટે 'સેવૈયા'ની આપ-લે કરી હતી.

નાગરિકોને શુભેચ્છા પાઠવતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "ઈદ-ઉલ-ફિત્રની ખૂબ-ખૂબ શુભેચ્છાઓ. આ દિવસ ચારેબાજુ ભાઈચારો અને દયાની ભાવનાને આગળ વધારે. દરેક વ્યક્તિ સુખી અને સ્વસ્થ રહે. ઈદ મુબારક!"

જમ્મુ-કાશ્મીરના ઓમર અબ્દુલ્લા અને પશ્ચિમ બંગાળના મમતા બેનર્જી સહિતના મુખ્યમંત્રીઓ, રાજ્યપાલો અને વિવિધ રાજ્યોના અન્ય અગ્રણી નેતાઓએ પણ લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી અને ઈદના ઉત્સવોમાં હાજરી આપી હતી.

દિલ્હીમાં લોકો એકતા અને ભક્તિની ભાવના સાથે નમાઝ અદા કરવા માટે રાજધાનીની મસ્જિદોમાં ઊમટી પડ્યા હતા. જોકે, શહેરના કેટલાક ભાગોમાં ધુમ્મસની ચાદર છવાયેલી હતી, જે મસ્જિદના ગુંબજો અને મિનારાઓની પૃષ્ઠભૂમિમાં એક આકર્ષક દૃશ્ય ઊભું કરતી હતી.

# આસિમ મુનીરની ટિપ્પણીથી પાકિસ્તાનમાં શિયા-સુન્ની વિવાદ વકર્યો

**ઈરાન** પસંદ હોય તો ત્યાં જાવ": આર્મી ચીફના વિવાદાસ્પદ બોલથી શિયા નેતાઓમાં તીવ્ર આક્રોશ

ઈસ્લામાબાદ, તા. 21: ઈરાન-ઈઝરાયેલ યુદ્ધને કારણે સમગ્ર વિશ્વમાં તણાવ પ્રવર્તી રહ્યો છે. આ સાથે જ દરેક જગ્યાએ સામાન્ય લોકોને તેલ અને ગેસની અછતનો સામનો કરવો પડી રહ્યો છે. તો બીજી તરફ પાકિસ્તાનમાં કેટલાક લોકો ઈરાનના સમર્થનમાં છે તો કેટલાક તેની વિરુદ્ધમાં છે. આ દરમિયાન પાકિસ્તાનના સેના પ્રમુખ આસિમ મુનીરનું એક નિવેદન ચર્ચામાં આવ્યું છે, જેમાં તેમણે શિયા ધર્મગુરુઓને કહ્યું કે જો તમને ઈરાન પસંદ હોય તો ત્યાં જ જતા રહો.

પાકિસ્તાનમાં એક ઈફ્તાર પાર્ટી દરમિયાન સેના પ્રમુખ આસિમ મુનીરના નિવેદનથી મોટો વિવાદ સર્જાયો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈરાનના મુદ્દે ધર્મગુરુઓ સાથે વાતચીત ચાલી રહી હતી. આ દરમિયાન તેમણે શિયા ધર્મગુરુઓને કહ્યું કે, જો તમને ઈરાન પસંદ હોય તો ત્યાં જ જતા રહો, અમે કોઈને પણ બીજા દેશ પ્રત્યેની વફાદારીને કારણે પાકિસ્તાનમાં અંધાધૂંધી ફેલાવવાની મંજૂરી આપીશું નહીં. શિયા સમુદાયે આ નિવેદનને અપમાનજનક ગણાવ્યું છે.

મુનીરના આ નિવેદન બાદ શિયા નેતાઓમાં રોષ વધી ગયો છે. તેમણે આને શિયા-વિરોધી માનસિકતા ગણાવી છે. ધાર્મિક નેતા સૈયદ જવાદ નદવીએ આનો વિરોધ કરતાં તેને સાંપ્રદાયિક તણાવ વધારનારું પગલું ગણાવ્યું છે. નદવીએ કહ્યું કે, આવા નિવેદનથી શિયા સમુદાયમાં ગુસ્સો છે અને આ નિવેદન સીધી રીતે એક વિશેષ સમુદાયના વિરોધમાં છે.

**સા રે ગ મ** — **અનિલ આનંદ**

## બાબુલ સુપ્રિયો અને 'પ્લેઇંગ ઈલેવન'

ક્રિકેટની પરિભાષામાં કહીએ તો બધું જ 'પ્લેઈંગ ઈલેવન' (અંતિમ ૧૧ ખેલાડીઓ) વિશે છે. અભિનય અને ગાયન ક્ષેત્રે જોડાયેલા હોવા છતાં, આ સરખામણી ગાયક-અભિનેતામાંથી રાજનેતા બનેલા બાબુલ સુપ્રિયોના સંદર્ભમાં કરવામાં આવી છે. તેમની રાજકીય ઇનિંગ્સ અત્યાર સુધી શાનદાર રહી છે; તેઓ નરેન્દ્ર મોદી સરકારમાં સાંસદ અને મંત્રી બન્યા, ત્યાર બાદ તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયા અને પશ્ચિમ બંગાળમાં પણ મંત્રી પદ મેળવ્યું. તાજેતરમાં, તૃણમૂલ કોંગ્રેસના વડા અને મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તેમને રાજ્યસભાના ઉમેદવાર તરીકે જાહેર કરતાં તેઓ ફરી ચર્ચામાં આવ્યા છે. જોકે, તેમના ટીકાકારોનું માનવું છે કે નસીબ સતત તેમની પડખે હોવા છતાં, એક 'સજ્જન માણસ' ગાયક-અભિનેતા-નેતા તરીકેની તેમની છબી હવે ભૂતકાળ બની ગઈ છે. તેમના વિવાદાસ્પદ ઈતિહાસને જોતાં તેમની ઉદ્ધતતા અને અહંકાર વિશે જો કોઈને શંકા હોય, તો તે પણ હવે દૂર થઈ ગઈ છે. રાજ્યસભા માટે નામાંકન ભર્યા પછી, એક પત્રકારે વર્ષ ૨૦૨૧માં બાબુલ સુપ્રિયોએ પોતે વાપરેલી 'પ્લેઈંગ ઈલેવન'ની સામ્યતા યાદ અપાવી હતી. તે સમયે સુપ્રિયોએ પક્ષપલટાને યોગ્ય ઠેરવવા આ શબ્દ વાપર્યો હતો. પત્રકારે તેમને પૂછ્યું કે, "શું મમતા બેનર્જી તેમને પોતાની 'પ્લેઈંગ ઈલેવન'માંથી પડતા મૂકી રહ્યા છે?" આ સવાલ સાંભળતાં જ બાબુલ સુપ્રિયો પોતાનો સંયમ ગુમાવી બેઠા. વીડિયો જર્નાલિસ્ટના કેમેરામાં કેદ થયેલા દૃશ્યો મુજબ, તેમણે માત્ર પિત્તો જ નહોતો ગુમાવ્યો, પરંતુ અત્યંત અહંકાર સાથે પત્રકાર પ્રત્યે ઉદ્ધત વર્તન કર્યું હતું.

## અશ્વિની વૈષ્ણવ: 'રેલ'મંત્રી કે 'રીલ'મંત્રી

વિરોધ પક્ષો તેમને કટાક્ષમાં 'રેલ મંત્રી'ને બદલે 'રીલ મંત્રી' કહે છે. કારણ કે, તેમને નાટ્યાત્મક વીડિયો રિલીઝ કરવાનો ભારે શોખ છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ, વિવાદોથી ભરેલી 'એઆઈ ઇમ્પેક્ટ સમિટ ૨૦૨૬' સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી ઝડપથી તેમના મૂળ કાર્યક્ષેત્ર રેલ મંત્રાલય તરફ પાછા ફર્યા છે. પ્રસંગ હતો: નવા 'રેલ ટેક' પોર્ટલનું લોન્ચિંગ, જેનો ઉદ્દેશ્ય રેલવેના રોજિંદા પડકારોને ઉકેલવા માટે સંશોધકોને આકર્ષવાનો છે. વૈષ્ણવ, જેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું ધ્યાન ખેંચવા માટે સતત પ્રયત્નશીલ રહે છે અને ઘણીવાર ભાષણ આપતી વખતે પોતાના બોસ (મોદીજી) જેવો જ અભિનય કરે છે, તેઓ આ તક કેવી રીતે ગુમાવી શકે? આ પ્રસંગે આયોજિત લંચમાં મેનૂમાં મલયાલી વાનગીઓ પીરસવામાં આવી હતી, જેના કારણે કેરળમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓ વિશે અટકળો અને રમૂજ શરૂ થઈ ગઈ હતી. જોકે, ઉત્સાહિત જણાતા વૈષ્ણવે સ્મિત સાથે આ બધું ટાળી દીધું હતું. પોતાની આદત મુજબ, તેઓ બુફે ટેબલ પર લાઇનમાં ઊભા રહ્યા, જાતે જ પીરસ્યું અને કોઈ પણ પ્રકારની મદદ લેવાનો ઇનકાર કર્યો. આ તેમની વીઆઈપી સંસ્કૃતિ પર એક સૂક્ષ્મ પ્રહાર હતો, જેની તેઓ વારંવાર ટીકા કરે છે, પરંતુ શું તેમના વરિષ્ઠ રાજકીય નેતાઓ આ બાબતને સ્વીકારશે, જેઓ ખુદ વીઆઈપી ટ્રીટમેન્ટના ખૂબ જ આગ્રહી છે?

## નામકરણનું રાજકારણ

નામમાં શું રાખ્યું છે? પરંતુ જ્યારે વાત રાજકારણની હોય, ખાસ કરીને ચૂંટણીલક્ષી રાજકારણની, જ્યાં મતદારો તથા મતોનું મહત્ત્વ સૌથી વધુ હોય છે, ત્યારે નામ બદલવાની રમત ખૂબ જ મહત્ત્વની બની જાય છે. અને જો કોઈ 'સુપર બોસ' પોતાના રાજકીય હરીફ સાથે હિસાબ બરાબર કરવા અને સાથે સાથે પોતાના પક્ષના હિતોને આગળ વધારવા માટે આ યુક્તિનો ઉપયોગ કરે તો? આ આજના સમયના રાજકારણનો એક વિરોધાભાસ છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કોલકાતામાં પ્રશ્ન ઉઠાવ્યો કે, "જો કેન્દ્ર સરકાર કેરળની માંગ સ્વીકારીને તેને 'કેરલમ' નામ આપી શકે છે, તો પશ્ચિમ બંગાળનું નામ બદલીને 'બાંગ્લા' કરવાની દરખાસ્તને કેમ નકારવામાં આવે છે?" મમતાએ નોંધ્યું કે તેમનો આ પ્રસ્તાવ લાંબા સમયથી દિલ્હીમાં ગૃહ મંત્રાલય પાસે ધૂળ ખાઈ રહ્યો છે.

# મમતાનો મોદી પર વળતો પ્રહાર: "તમે જ સૌથી મોટા ઘૂસણખોર છો"

**ઈદના** મંચ પરથી કેન્દ્ર સામે બૂંગિયો ફૂંક્યો મતદારોના નામ કાઢી નાખવાના આરોપ સાથે મમતા લાલઘૂમ: "લોકોના વોટિંગ કાર્ડ છીનવી લેવા દેશે નહીં"



કોલકાતા, તા. ૨૧ (PTI): પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ શનિવારે ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર પર તેમના હુમલા તેજ કર્યા હતા. મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો હતો કે, કેન્દ્ર સરકાર એસઆઈઆર દ્વારા લોકોના મતદાનના અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરી રહી છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને 'સૌથી મોટા ઘૂસણખોર' તરીકે પણ વર્ણવ્યા હતા.

કોલકાતાના પ્રતિષ્ઠિત રેડ રોડ પર ઈદની નમાજ બાદ નમાજીઓને સંબોધતાં ટીએમસી સુપ્રિમોએ આગામી વિધાનસભા ચૂંટણીને લોકશાહી અધિકારો અને બંગાળના બહુવિધ સામાજિક માળખાના રક્ષણ માટેની લડાઈ ગણાવી હતી.

બેનર્જીએ મેળાવડાને સંબોધતાં કહ્યું હતું કે, ''અમે મોદીજી અને ભાજપને તમારા મતદાનના અધિકારો છીનવી લેવા દઈશું નહીં. અમે અંત સુધી લડીશું.'' બેનર્જીએ વધુમાં ઉમેર્યું હતું કે, આ પ્રક્રિયાને પડકારવા માટે તેમણે કોલકાતાથી દિલ્હી સુધીની અદાલતોના દરવાજા ખખડાવ્યા છે.

તેમની આ ટિપ્પણી ચૂંટણી પંચની મતદાર યાદી સુધારણા કવાયત પર વધતા રાજકીય મુકાબલા વચ્ચે આવી છે. શાસક તૃણમૂલ કોંગ્રેસનો આરોપ છે કે, આ કવાયતના કારણે વાસ્તવિક મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે, ખાસ કરીને લઘુમતી પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં.

વડા પ્રધાન પર કટાક્ષ કરતાં મમતાએ કહ્યું હતું કે, ''જ્યારે તમે વિદેશ જાઓ છો, ત્યારે તમે નેતાઓ સાથે હાથ મિલાવો છો અને મિત્રતાની વાતો કરો છો. તે તમારી મરજી છે, અને હું તમામ દેશોનું સન્માન કરું છું. પરંતુ જ્યારે તમે ભારત પાછા ફરો છો ત્યારે અચાનક હિન્દુ-મુસ્લિમ વિવાદ શરૂ થઈ જાય છે અને લોકોને ઘૂસણખોર કહેવામાં આવે છે.''

સીમાવર્તી રાજ્યમાં ગેરકાયદે ઈમિગ્રેશનના ભાજપના વારંવારના આરોપો પર વળતો પ્રહાર કરતાં બેનર્જીએ કહ્યું, ''તમે પછી નામો કાઢી નાખવા અને લોકોને ઘૂસણખોર તરીકે લેબલ આપવાનું આહ્વાન કરો છો. હું કહીશ કે તમે અને તમારી સરકાર જ સૌથી મોટા ઘૂસણખોર છો.''

# હવાઈમાં કુદરતી આફત: ડેમ તૂટવાની ભીતિ વચ્ચે હજારોને સ્થળાંતરનો આદેશ

**20** વર્ષનું સૌથી ભયાનક પૂર; અબજો ડોલરના નુકસાનની આશંકા



હોનોલુલુ, તા. 21: હવાઈ ટાપુ પર 'કોના-લો' નામના શક્તિશાળી તોફાને ભારે તબાહી મચાવી છે. સતત પડી રહેલા મુશળધાર વરસાદને કારણે ઓઆહુ ટાપુ પર પૂરની સ્થિતિ અત્યંત ગંભીર બની છે, જેમાં અત્યાર સુધીમાં 233થી વધુ લોકોના જીવ બચાવવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ વાહિયાવા ડેમની છે, જે પાણીના ભારે દબાણ હેઠળ હોવાથી ગમે ત્યારે તૂટી શકે તેવી ચેતવણી જારી કરવામાં આવી છે.

ડેમની જળસપાટી ભયજનક સ્તરે પહોંચતા પ્રશાસને નોર્થ શોર પર આવેલા હેલીવા અને વાઈઆલુઆ વિસ્તારના રહેવાસીઓને તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસી જવા આદેશ આપ્યો છે. અધિકારીઓએ લોકોને અપીલ કરી છે કે કિંમતી સામાન પેક કરવામાં સમય બગાડ્યા વિના વહેલી તકે નીચાણવાળા વિસ્તારો ખાલી કરી દે.

**પેજ 3**

## સલમાન ખાનની ઈદ સેલિબ્રેશન: પિતા અને ભાઈઓ સાથે બાલ્કનીમાં આપ્યા પોઝ



મુંબઈ, તા. 21: વરિષ્ઠ પટકથા લેખક સલીમ ખાને ઈદ 2026 નિમિત્તે ચાહકોને શુભેચ્છા પાઠવવા માટે જાહેરમાં પ્રથમ દેખાવ દીધો હતો. તેમના પુત્રો સલમાન ખાન, અરબાઝ ખાન અને સોહેલ ખાન તેમ જ પરિવારના અન્ય સભ્યો સાથે તેમણે મુંબઈમાં તેમના નિવાસસ્થાન ગેલેક્સી એપાર્ટમેન્ટ્સની બહાર રાહ જોઈ રહેલા ચાહકોનું અભિવાદન કર્યું હતું અને હાથ હલાવ્યો હતો. વાર્ષિક પરંપરાને ચાલુ રાખતાં સલમાન ખાને આ વર્ષે પણ ચાહકોનું અભિવાદન કરવા માટે બહાર આવીને પોતાની બાલ્કનીમાંથી હાથ હલાવ્યો અને ફ્લાઈંગ કિસ કરી હતી. તેમના નિવાસસ્થાનની બહાર ભૂતકાળમાં બનેલી ફાયરિંગની ઘટનાને પગલે સલમાને તેની બાલ્કનીમાં લગાવેલા બુલેટપ્રૂફ કાચની પાછળથી ચાહકોનું અભિવાદન કર્યું હતું. સલમાને ઇન્સ્ટાગ્રામ પર આ ક્લિપ શેર કરતાં કેપ્શનમાં લખ્યું, "ઈદ મુબારક, તમારા આશીર્વાદ બદલ ખૂબ ખૂબ આભાર, પિતા ઘરે પાછા આવી ગયા છે આભાર."

## આમિર ખાનના ઘરે ઈદની રોનક: રાજ ઠાકરેની ખાસ મુલાકાત



મુંબઈ, તા. 21: 21 માર્ચ ને શનિવારના રોજ ઈદ મનાવવામાં આવી હતી. આ તહેવાર પર બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાનના ઘરે ભારે રોનક જોવા મળી છે. અનેક ફિલ્મી હસ્તીઓ તેમના નિવાસસ્થાને પહોંચી હતી. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરે પણ આમિરના ઘરે પહોંચ્યા હતા. ઈદની શુભેચ્છા પાઠવ્યા બાદ રાજ ઠાકરે જ્યારે પોતાના ઘરે પરત ફર્યા ત્યારે તેમને વિદાય આપવા આમિર ખાન ઉઘાડા પગે જ પોતાના ઘરની બહાર નીકળી આવ્યો હતો. આમિર ખાનનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં જોઈ શકાય છે કે એમએનએસ ચીફ રાજ ઠાકરે આમિર ખાનને ગળે મળીને ઈદની શુભેચ્છા પાઠવી રહ્યા છે. રાજ ઠાકરે જ્યારે કારમાં બેસીને ત્યાંથી રવાના થયા ત્યારે આમિરે પાપારાઝીને પોઝ આપ્યા હતા.

## સોહા અલી ખાનની ઈદ: દીકરી ઈનાયા સાથે વ્હાઇટ આઉટફિટમાં જોવા મળી



મુંબઈ, તા. 21: ઈદ-ઉલ-ફિત્ર 2026ના ખાસ અવસરે બોલિવૂડ અભિનેત્રી સોહા અલી ખાને પોતાના પરિવાર સાથે તહેવારની ખુશીઓ વહેંચતાં ફેન્સને દિલ જીતી લે તેવી શુભકામનાઓ પાઠવી. તેણે સોશિયલ મીડિયા પર પોતાની કેટલીક સુંદર તસવીરો શેર કરી, જેમાં પરિવાર સાથે વિતાવેલી ખાસ પળો જોવા મળી. સોહાએ પોતાની દીકરી ઈનાયા સાથે ટ્વિનિંગ કરતાં સફેદ રંગના પારંપરિક પોશાકમાં તસવીરો પોસ્ટ કરી. માતા-પુત્રીની આ જોડી ખૂબ જ સુંદર લાગી રહી હતી. એક તસવીરમાં ઈનાયા તેની માતાને ચુંબન કરતી જોવા મળી, જેણે ફેન્સનાં દિલ જીતી લીધાં હતાં. આ તસવીરોમાં તેના પતિ કુણાલ ખેમુ અને પરિવારના અન્ય સભ્યો પણ જોવા મળ્યા હતા.

# તેલનો પુરવઠો કોણ જાળવી રાખશે?

**ટ્રમ્પની** મદદે આવી શકે અને પીઠ ફેરવનારા દેશો

મધ્ય પૂર્વમાં વધતા તણાવ અને હોર્મુઝની સામુદ્રધુનીમાં પેદા થયેલા અવરોધને કારણે વૈશ્વિક અર્થતંત્ર પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન આ આંતરરાષ્ટ્રીય જળમાર્ગને ખુલ્લો રાખવા માટે મથામણ કરી રહ્યું છે, પરંતુ વિશ્વના દેશો આ મુદ્દે બે ભાગમાં વહેંચાયેલા છે.

**આ દેશો કદાચ મદદ કરે**

**સાઉદી અરેબિયા:** ઈરાને સાઉદીના તેલ ટર્મિનલ પર હુમલો કર્યા બાદ રિયાધ હવે લશ્કરી કાર્યવાહી માટે તૈયાર છે. સાઉદી પાસે અમેરિકી F-15 વિમાનોનો મજબૂત કાફલો છે.

**ડેનમાર્ક:** વિશ્વની 20% શિપિંગ કન્ટેનર હેન્ડલ કરતી કંપની 'Maersk' ડેનમાર્કની છે. જો આ માર્ગ બંધ રહે તો ડેનમાર્કનું અર્થતંત્ર પડી ભાંગે તેમ હોવાથી તે મદદ માટે તૈયાર છે.

**આર્જેન્ટિના:** રાષ્ટ્રપતિ જેવિયર માઈલીએ વોશિંગ્ટનને ટેકો જાહેર કર્યો છે, જેની પાછળ ફૉકલેન્ડ ટાપુઓ પર પોતાનો દાવો મજબૂત કરવાનો વ્યૂહાત્મક હેતુ હોઈ શકે છે.

**રોમાનિયા:** પોતાના એરબેઝ અને સર્વેલન્સ સુવિધાઓ અમેરિકાને વાપરવા આપવાની તૈયારી દર્શાવી છે.

**અનિશ્ચિત અથવા મર્યાદિત મદદ**

**બ્રિટન:** સીધી સૈન્ય કાર્યવાહીને બદલે બ્રિટન અમેરિકાને પોતાના બેઝ વાપરવા દેશે અને માઈન-હન્ટિંગ (સમુદ્રી સુરંગ શોધવા) માટે ડ્રોન ટેકનોલોજી પૂરી પાડી શકે છે.

**ફિનલેન્ડ:** રશિયા સામે અમેરિકાની વધુ મદદ મળે તે શરતે ખાડી દેશોમાં સહયોગ આપવા વિચારી રહ્યું છે.

**મદદનો ઈનકાર કરનારા દેશો**

**ફ્રાન્સ:** રાષ્ટ્રપતિ મેક્રોને સ્પષ્ટ કર્યું છે કે ફ્રાન્સ આ સંઘર્ષમાં પક્ષકાર નથી અને તે પોતાની સેના મોકલશે નહીં.

**જર્મની:** ચાન્સેલર ફ્રીડ્રિચ મેર્ઝના પ્રવક્તાએ જણાવ્યું કે આ 'નાટો'નું યુદ્ધ નથી. જોકે, તેલના વધતા ભાવ જર્મન ઓટોમોબાઈલ ઉદ્યોગને નુકસાન પહોંચાડી શકે છે.

**ઈટાલી અને જાપાન:** સ્થાનિક રાજનીતિ અને ચીન-ઉત્તર કોરિયાના જોખમને જોતા આ બંને દેશોએ લશ્કરી મદદથી અંતર જાળવ્યું છે.